# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 25/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE–04

સુરત-ભરૂચ જિલ્લા વચ્ચે અંકલેશ્વર અને હાંસોટમાં એસપીના માર્ગદર્શનમાં કામગીરી

## ભરૂચ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિને ડામવા પ્રથમ વખત 4 ચેકપોસ્ટ બનાવાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં આઝાદીના 75 વર્ષમાં પહેલીવાર 4 ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. જિલ્લામાં પ્રવેશતા ગુનેગારોની નો-એન્ટ્રી કરવાવી છે. અસામાજિક અને અપરાધિક પ્રવૃત્તિને ડામવા ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલએ આ પગલું ભર્યું છે. સુરત-ભરૂચ જિલ્લા માં અંકલેશ્વર અને હાંસોટ વચ્ચે ઉભી કરાઈ 4 ચેકપોસ્ટ કરાઈ છે.

ભરૂચ જિલ્લો હમેશા અતિસંવેદનશીલ તરીકે રહ્યો છે. ઉદ્યોગ, કોમી વાતાવરણ, અસામાજિક પ્રવૃત્તિ, ભાંગફોડીયા તત્વો, નશીલા પદાર્થ ના સોદાગરો કે અન્ય ગુનેગાર હંમેશા ભરૂચનો આશ્રય સ્થાન કે આવાગમન માટે ઉપયોગ કરતા રહ્યાં છે. જોકે નવા જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ ચાર્જ સંભાળ્યા બાદ આવી ગેરકાયદે, અસામાજિક અને અપરાધિક ગતિવિધિઓ ઉપર રોક લગાવવા રવિવારથી સ્તુત્ય પગલું ભર્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર હાલ દેશની આઝાદીના 75 વર્ષની આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહી છે.

સરદાર પટેલ 182 દેશી રજવાડાઓને એક કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું. જોકે આજે દારૂબંધી ગુજરાતમાં નશીલા પદાર્થના વેપારી ઓ, બેનંબરી ઓ, અસામાજિક તત્વો, કેમિકલ માફિયા સહિતના ગુનેગાર સુરતથી ભરૂચ રોડ માર્ગનો ગુનાખોરી માટે દુરુપયોગ કરે છે. અસામાજિક અને અપરાધિક ગતિવિધિઓ ઉપર



રોક લાવવા અને તેને નેસ્તો નાબૂદ કરવા ભરૂચ જિલ્લા પોલીસ વડાએ સુરત અને ભરૂચ વચ્ચે 4 ચેક પોસ્ટ કાર્યરત કરી દીધી છે. અત્યાર સુધી તમે આંતર રાજ્ય ચેકપોસ્ટ વિશે સાંભળ્યું હશે પણ આ આંતર જિલ્લા ચેક પોસ્ટ વિશે પહેલી વખત બનવા જઈ રહ્યું છે. જ્યાં 70 કિલોમીટર કરતા પણ ઓછા અંતરમાં નેશનલ હાઈવે ઉપર 4 ચેકપોસ્ટ નિર્માણ કરાઈ રહી છે. હવે મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત કે સુરત તરફથી આવતા વાહનચાલકોએ ભરૂચ સુધી પોહચવા અભિમન્યુ ના ચક્રવ્યૂહ જેવા 7 કોઠા મુજબ 4 કોઠા પાર કરવાના રહેશે. આ અંગે વધુ માહિતી ભરૂચ ડીએસપી ડો. લીના પાટીલ સોમવારે આપનાર છે.

DATE: 26/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

# પાનોલી GIDCમાં ગોડાઉનમાં થયેલી ચોરીનો ભેદ ખૂલ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી જીઆઈડીસીમાં આવેલ ટીસીઆઈ ફ્રેઈટ નામના ગોડાઉનને તસ્કરોએ નિશાન બનાવી શટરનું તાળું તોડી રૂ.93700ની કિંમતના 9 નંગ પિસ્ટન હેડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા, જે અંગે તાલુકા પોલીસે તપાસ કરતા મૂળ ડેડીયાપાડા તાલુકાના અને હાલ અંકલેશ્વરના સંજાલીમાં રહેતા અજય મનજી વસાવા અને વાલિયાના ચમારીયા ગામના બળદેવ બાલુ વસાવાની અટકાયત કરી સઘન પૂછપરછ કરતા તેઓએ આ ચોરીની કબૂલાત કરી હતી. એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

DATE: 26/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

# નવજીવન માર્કેટમાં આર.કે. ટ્રેડર્સ પાસેથી શંકાસ્પદ ભંગારનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ ટીમ અંકલેશ્વર માં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ નવજીવન હોટલ પાછળ આર.કે. ટ્રેડર્સ પાસે શંકાસ્પદ ચોરી નો ભંગાર હોવાની ચોક્કસ માહિતી મળી હતી, જે આધારે પોલીસે સર્ચ ઓપરેશન કર્યું હતું જ્યાં આર.કે. ટ્રેડર્સ



બહાર આઈસર ટેમ્પો જોવા મળ્યો હતો. જેમાં લોખંડ ના પતરા તેમજ પાઈપો અને લોખંડ ના નાના મોટા ટુકડા મળી આવ્યા હતા. જે અંગે જરૂરી આધાર પુરાવા ટેમ્પો ચાલક પાસે માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે ટેમ્પો સાથે રહેલા ઋષિવંશ તિલક ધારી યાદવ રહે નોબલ માર્કેટ તેમજ વકીલ અહેમદ અબ્દુલગફાર ચૌધરી રહે ઓપેરા પાર્કની અટક કરી હતી. ટેમ્પોમાં રહેલો 3880 કિલો ભંગારનો જથ્થો કિંમત 77600, આઈસર ટેમ્પો કિંમત રૂપિયા 3 લાખ મળી કુલ રૂપિયા 3.77 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તાલુકા પોલીસના હવાલે કર્યો હતો.

DATE: 26/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

# કાંસીયા-અમરતપુરા ગામે દેશી દારૂની 6 ભટ્ઠી તોડી પાડી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નવા કાસીયા- અમરત પુરા ગામમાંથી 6 સ્થળોએથી દેશી દારૂની ભઠ્ઠી એલસીબી પોલીસે દેશી દારૂની હાટડીઓ પર ત્રાટકી તોડી પાડી હતી. ભરૂચ એલસીબી પોલીસે વહેલી પરોઢે 4:30 વાગ્યે અચાનક ત્રાટકી હતી. અને મહિલા સહીત 6 બુટલેગર સામે ગુનો નોંધી તેની પાસેથી 131 લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. 1600 લીટર દારૂ નો વોસ મળી કુલ 7400 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શહેર પોલીસ એ પણ 2 સ્થળે થી દેશી દારૂની ભઠ્ઠી તોડી પાડી દેશી દારૂ બનાવવા સાધનો અને વોશનો જથ્થો નાશ કર્યો હતો.

DATE: 26/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

# અંકલેશ્વરમાં જુગાર રમતા 6 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી તે વેળાં એપ્પલ પ્લાઝા શોપિંગ સેન્ટર સામે દરોડા પાડ્યા હતા. સ્થળ પરથી રોકડા 11 હજાર અને પાંચ ફોન તેમજ રિક્ષા મળી 58 હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. તેમજ આદિત્ય નગર સોસાયટીમાંરહેતો જુગારી જગદીશ જગન્નાથ વાઘ, સંજય ગુલાબ પાટીલ, મહેન્દ્ર મોહન પટેલ, ક્રિષ્નાકુમાર આનંદકુમાર તિવારી,રાજેન્દ્ર રોહિદાસ કોલી, ઉચ્ચપા લક્ષ્મણ ઈટિકરને ઝડપી પાડ્યો હતો.

**DATE: 26/04/2022**

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મહાવીર મિનરલ્સના કંપની માલિકને લૂંટનાર મુખ્ય આરોપી ઝબ્બે

# ભરૂચના વેપારી પાસેથી 15 લાખની ખંડણીમાં મુખ્ય આરોપી રાજસ્થાનના ચરૂથી ઝડપાયો

## પૈસાની જરૂર હોય વતનથી 5 ગુંડા બોલાવી સમગ્ર પ્લાન ઘડ્યો હતો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની નર્મદા ચોકડી પરથી મહાવીર મીનરલ્સ કંપનીના માલિકને વડોદરા જીપ્સમ અપાવવાના બહાને હાલ અંકલેશ્વર ભાડે રહેતા હરિયાણાના ભીમસિંગે પૈસાની જરૂરિયાતને લઈ રૂ. 15.48 લાખની લૂંટ અને ખંડણી ચલાવી હોવાની સનસનખેજ વિગતોનો પર્દાફાશ થયો છે.

હાલ મુંબઈ રહેતા ભોલાવના અપૂર્વ શાહની સુરત અને દહેજમાં મહાવીર મિનરલ્સ કંપની આવેલી છે. તેઓ જીપ્સમની દલાલી કરતા ભીમો ઉર્ફે ભીમસિંગના સંપર્કમાં હતા. મૂળ હરિયાણાનો ભીમો અંકલેશ્વર ભાડેથી રહેતો હતો. પૈસાની જરૂર હોય ભીમાએ



હરિયાણાના ગુંડા આઝાદસિંગ સાથે મળી અપૂર્વ પાસેથી નાણાં પડાવવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. જે મુજબ નર્મદા ચોકડીથી તેની જ કારમાં તેને વડોદરા જીપ્સમ માટે લઈ જઈ પોર પાસે આઝાદસિંગ અને અન્ય 5 સાગરીતો સાથે મળી દેશી પિસ્તોલની અણી એ રોકડા 15.48 લાખની ખંડણી અને લૂંટ ચલાવી હતી.

ભરૂચ ડીવાયએસપી વિકાસ સુંડા, સી ડિવિઝન પી.આઈ. ડી.પી. ઉનડકટ, પોસઈ ટાપરિયા સહિત ટીમે મુખ્ય આરોપી ભીમસીંગ સોરેન ઉર્ફે ભીમો માનસીંગ ચોરાનને રાજસ્થાનના ચરૂથી દબોચી લીધો છે. જ્યારે રોકડા અને અન્ય આરોપીઓ આઝાદસીંગ, અમિત ઉર્ફે મીતા, પ્રકાશ, દરીયા ઉર્ફે રાપેને ઝબ્બે કરવા વધુ તપાસ ચલાવાઈ રહી છે. ગુના માં વપરાયેલી બોલેરો કાર, દેશી પિસ્તોલ અને રોકડા 15.48 લાખ રીકવર કરવા પોલીસે આગળની કાર્યવાહી સાથે મુખ્ય આરોપી ભીમાના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE–04

### સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કર્યો હતો

# ઝઘડિયાની પરિણીતાને ત્રાસ આપતા પતિને 5 વર્ષની સજા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા ગામના નવીન ઠાકોરના લગ્ન શિલ્પાબેન સાથે થયા હતા. લગ્ન બાદ શિલ્પાબેનના પતિ તથા તેમના ઘરના સભ્યો તેમને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા, તે બાબતની 2013 માં શિલ્પાબેને મહિલા પોલીસ સ્ટેશનમાં તેમજ ભરણપોષણ મેળવવા માટે અરજી કરી હતી. પોલીસ સ્ટેશનમાં અરજી કર્યા બાદ તેના સાસરિયાઓ શિલ્પાબેન સમાધાન કરીને તેડી લાવ્યા હતા, અને ત્યારબાદ પણ તેમના સાસરિયાઓ દ્વારા અવારનવાર તેમને મેણાં ટોણાં મારી ત્રાસ આપતા હતા તેમજ દહેજની માંગણી કરી હેરાન પરેશાન કરતા હતા.

ત્રાસ થી કંટાળી શિલ્પાબેને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં માનસિક અને શારીરિક ત્રાસ તેમજ આપઘાત કરવા અંગે મજબૂર કરવા અંગેની ફરિયાદ મરણ જનાર શિલ્પાબેનના પાલક પિતા ચંદુભાઈએ કરી હતી. આ કેસ અંકલેશ્વરની કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષ દ્વારા કુલ 14 જેટલા દસ્તાવેજો તેમજ 17 જેટલા સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા, જેમાં સરકાર તરફે સરકારી વકીલ જી.બી.પંચાલ હાજર રહ્યા હતા, જેમાં એડિશનલ સેશન્સ જજ જ કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપી નવીનભાઈ ઠાકોર પરિવાર અને પુરાવા તથા સરકારી વકીલ જે.બી. પંચાલની દલીલો ગ્રાહ્ય રાખી ને પાંચ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા 1 હજારનો દંડ ની સજા કરવામાં આવી હતી. આ ગુનામાં સંકળાયેલા મરણ જનાર શિલ્પાબેન ના સાસરીયાને શંકાનો લાભ લઈ છોડી મુકેલા પરંતુ આરોપી નવીન ઠાકોર વાણંદ સજા ફટકારવામાં આવી હતી.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-04

### પોલીસે 60 હજારના લોખંડના સળિયા કબજે કર્યા

# ઉમલ્લામાંથી શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે એક વેપારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા



ભરૂચ જિલ્લામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માટે જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોને એ માટે જરુરી કાર્યવાહી કરવા સુચના અપાયેલ છે. તેમજ ભંગારનો ધંધો કરતા ઈસમોની પણ તપાસ કરવા સુચના અપાયેલી છે, ત્યારે ઉમલ્લા પીએસઆઈ વી.આર. ઠુમ્મર ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ઉમલ્લા પાણેથા રોડ પર આવેલ એક ભંગારના ગોદામમાં ચેક કરતા કેટલોક શકમંદ મુદ્દામાલ નજરે પડ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન ભંગારના ગોદામમાંથી રૂ. 60 હજારની કિંમતના લોખંડના જુના નવા સળિયા મળી આવ્યા હતા. જેના કોઈ બિલ કે આધાર પુરાવા મળ્યા ન હતા. પોલીસે આ શકમંદ મુદ્દામાલ કબજે લઈને સ્થળ પર હાજર મળી આવેલ ઈસમ ઉમરજી મહમદજી ખત્રી રહે.બજાર ફળિયું, ઉમલ્લા, તા.ઝઘડિયાના વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાને લઈને તાલુકામાં બે નંબરનો ભંગારનો ધંધો કરતા વેપારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-04

### ઝડપાયેલા શખ્સો ઉમલ્લા-આમલેથા પોલીસમાં ગુનાઓમાં વોન્ટેડ હતા

# ઉમલ્લામાં ચોરેલા કોપર વાયરના મુદ્દામાલ સાથે 2 શખ્સો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરફથી જિલ્લામાં વણશોધાયેલ વિવિધ ગુનાઓ શોધી કાઢવા જિલ્લાના વિવિધ પોલીસ મથકોને સુચના આપવામાં આવી છે, તે અંતર્ગત ઉમલ્લા પીએસઆઇ વી.આર.ઠુમ્મરે પોલીસ ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ઉમલ્લા પોલીસ મથકમાં નોંધાયેલ બે ગુના સંબંધી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મહુવાડા ગામના બે ઇસમોએ ચોરી કરીને પોતાના ઘરના વાડાના ભાગે સંતાડી રાખેલ છે. પોલીસે બાતમી મુજબના સ્થળે જઈને તપાસ કરતા બન્ને ઇસમો ઘરે હાજર મળી આવ્યા હતા. પોલીસને તપાસ દરમિયાન ઘરના



પાછળના ભાગે ત્રણ મીણીયા થેલા મળી આવ્યા હતા.

આ થેલાઓમાં ઇલેક્ટ્રિક વાયરો, ડ્રિપ ઇરીગેશન સિસ્ટમના પીવીસી ફિલ્ટરો તથા વાયરોને સળગાવીને કાઢેલ કોપર તારનું ગુંચળુ મળી આવ્યા હતા. આ ઇસમોની પુછપરછ દરમિયાન સદર મુદ્દામાલ બન્નએ ભેગા મળીને મોટાવાસણા ગામની સીમમાંથી ચોરેલ હોવાનું જણાવ્યું હતું. તેમજ અશા ગામની સીમમાંથી પાણીની મોટરના કેબલ વાયરો કાપી લાવીને વેચાણ કરવાના ઇરાદે સંતાડી રાખીને થોડાથોડા દિવસે કેબલ વાયરોને સળગાવીને કોપર એલ્યુમિનિયમના તાર કાઢી લઈને ઉમલ્લા ખાતે રહેતા રાજા સોલંકી નામના ઇસમને વેચાણ કરતા હતા. પોલીસે દિલીપ વસાવા તેમજ સુરેશ ઉર્ફે બજરંગી અંબાલાલ વસાવા બન્ને રહે.ગામ મહુવાડા તા. ઝઘડિયાનાને હસ્તગત કરીને આ ગુનામાં સંડોવાયેલ મનાતા ઉમલ્લાના રાજા સોલંકી નામના ઇસમને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી. ઝડપાયેલ ઇસમોએ ઉમલ્લા તેમજ નર્મદા જિલ્લાના આમલેથા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાઓમાં સંડોવાયેલ હોવાની કબુલાત કરી હતી.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

ગત 26 ફેબ્રુઆરીએ 3 ઈસમોને ભરૂચ SOGએ 27.80 ગ્રામ જથ્થા સાથે પકડ્યા હતા

# બે મહિના પૂર્વે અંકલેશ્વરના બાકરોલથી પકડાયેલા MD ડ્રગ્સનો સપ્લાયર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર




અંકલેશ્વરના બાકરોલ બ્રિજ પાસેથી બે મહિના પૂર્વે 26 મી ફેબ્રુઆરીના રોજ ભરૂચ જિલ્લા એસ.ઓ.જી પોલીસે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકની હદમાં થી પકડાયેલા એમ.ડી. ડ્રગ્સ મામલામાં સપ્લાયરને સુરત એસઓજી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એસ ઓ જી પોલીસ દ્વારા અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં થી રીઝવાન અબ્દુલ સતાર સૈયદ, શરીફ ઉર્ફે સદામ ઐયુબ ચૌહાણ તથા એમ.ડી. ડ્રગ્સ લાવનાર આરોપી સાદાબોદિન ઉર્ફે શાદાબ સીરાજુદ્દીન શેખને 2.73 લાખની કિંમતના 27 ગ્રામ 380 મિલી ગ્રામ એમ.ડી.ડ્રગ્સ તેમજ એક કારમળી કુલ 5.30લાખની મતા કબજે કરવામાં આવી હતી. આ ડ્રગ્સ મોહમદ અલ્તાફ ઉર્ફે સલ્લુ કડોદરા વાળા નામના ઇસમપાસેથી લાવ્યું હોવાનું આરોપીની પૂછપરછ માં બહાર આવ્યું હતું જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. જે આધારે ભરૂચ એસ.ઓ.જી પોલીસ એ સુરત એસ.ઓ.જી પોલીસસાથે સંપર્ક કર્યો હતો. અને વિગતો ની આપે કરી આ અંગે ગુપ્ત હે વોચ રાખી સર્વેલન્સશરુ કર્યું હતું. જેમાં. સુરત એસ.ઓ.જી અને ભરૂચ એસ.ઓ.જીનું સંયુક્ત ઓપરેશન હાથ ધરી સપ્લાય કરનાર મુખ્ય સૂત્રધાર ને ભરૂચ એસ ઓ જી ની મદદ થી સુરત એસ.ઓ.જી પોલીસે લાલગેટ સ્થિત આઈ પી મિશન સ્કૂલ પાસેઆવતો હોવાની બાતમીના આધારે વોચ ગોઠવી હતી. જ્યાં મોહમદ અલ્તાફ ઉર્ફે સલ્લુ કડોદરાવાલા ઇસમનું સાચું નામ મોહમદ અલ્તાફ ઉર્ફે સલ્લુ કડોદરા વાળો અબ્દુલ સતાર શેખ આવતા જતેની ધરપકડ કરી હતી.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

### મારુતિવાન અને ગૌમાંસ મળી કુલ 38 હજારનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં ગૌમાંસનું વેચાણ કરતા પિતા-પુત્રને પોલીસે પકડ્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસને મળેલી માહિતીના આધારે હવા મહેલ નજીક રોશન સોસાયટીમાં ગૌમાંસ મારૂતીવાનમાં ભરીને વેચાણ કરતા દાતાર નગર માં રહેતા મોહમ્મદ રફીક મહંમદ કુરેશી અને અબ્દુલ રજાક રફીક કુરેશી ને ઝડપી લીધા હતા. તેમની પાસે રહેલ ગૌ માંસ ને પોલીસે એફ.એસ.એલ રિપોર્ટ માટે સેમ્પલ લઈ મોકલી આપ્યું હતું જ્યાં તેનો રિપોર્ટ ગૌ માસ હોવાનો આવતા પોલીસે વિધવત મોહમ્મદ



રફીક મહંમદ કુરેશી અને અબ્દુલ રજાક રફીક કુરેશી પિતા-પુત્ર ની ધરપકડ કરી હતી. અને કુલ 46 કિલો ઉપરાંત ના ગૌ માંસ નો જથ્થો જપ્ત કર્યો હતો અને તેનો નિકાલ કાયદા ની રૂહે પાલિકા ડમ્પિંગ સાઈડ માં જમીન માં દાટી કર્યો હતો. જ્યારે શહેર પોલીસે 7900 રૂપિયા નું ગૌ માસ ,તેમજ અન્ય સાધનો અને 30 હજારની મારૂતીવાન મળી રૂપિયા 38,900 હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વેજ શહેર પોલીસે મોહમ્મદ રફીક મહંમદ કુરેશી ના નિવાસ સ્થાને થી ગૌવંશ ઝડપી પાડી મુક્ત કરાવ્યું હતું જેમાં પણ પોલીસે કતલ કરવા ના ઈરાદે રાખ્યા હોવાની ફરિયાદ નોંધાવી હતી જેના ગણતરી ના મહિના માં હવે પુનઃ ગૌ વંશ નું કતલ કરી વેચાણ કરતા પિતા-પુત્ર ઝડપાયા છે.

DATE: 27/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

**હાશકારો** | વાલિયા ચોકડી પર રહેતો શ્રમજીવી પરિવાર અગાઉ સોનગઢમાં થોડો સમય રહ્યો હતો

# અંકલેશ્વરથી ગુમ 4 બાળકો સોનગઢથી મળ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં શ્રમજીવી પરિવારના એક સાથે ચાર બાળકો ગુમ થયા હતા. મૂળ અમદાવાદ અને હાલ અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે પુનીબેન કસ્તુર રાઠોડ પડાવ નાંખી છેલ્લા 3 વર્ષથી વસવાટ કરી છૂટક વસ્તુઓની ફેરી લગાવી વેચાણ કરે છે. તેમની સાથે અમદાવાદ રહેતી 2 દીકરીના સંતાનો પૈકી રાકેશ અજય રાઠોડ ઉ.વ.10 અને જયાબેન કાળુ ભાટી ભાટી ઉ.વ. 11 તેમજ તેની એક દીકરીના નણંદના બે સંતાન ભગાભાઈ પનાભાઈ ભાટી અને ઉંરવ.7 અને રેખા બેનપના ભાઈ ભાટી ઉંરવ.આશરે 10 વર્ષ રહેતા હતા. ગત 18મીના રોજ ફેરી માટેનો સમાન લેવા પુનીબેન રાઠોડ અને તેમના પતિ કસ્તુર રાઠોડ અમદાવાદ ગયા હતા. પરંતુ આવતા પડાવ પર બાળકો નજરે પડ્યા નહોતા જે બાદ તેઓ શોધખોળ શરૂ કરતા જાણવા મળ્યું હતું કે બાળકો સુરત જવાનું કહેતા હતા તેથી તેઓ સુરત કાપોદ્રા પાટિયા ખાતે જ્યાં પહેલા પડાવ હતો ત્યાં પહોંચ્યા હતા. જ્યાં પડાવ નજીક ઓળખીતા ચાહ વાળા ને પૂછતા બાળકો આવ્યા હોવાની પુષ્ટિ મળી હતી અને તેમની પાસે થી ચા-બિસ્કિટ આરોગી બાળકો બારડોલી પહોંચ્યા હતા. બારડોલી ખાતે પુનીબેન કસ્તુરભાઈ રાઠોડ ના વેવાઈ ના પડાવ પર બાળકો અગાવ પહોંચ્યા હતા અને તેઓ જ્યાં કલાક રોકાઈ ને ફરવા નીકળ્યા હોવાનું જણાવી સોનગઢ જવા નીકળ્યા હતા. અગાવ સોનગઢ ખાતે પુનીબેન કસ્તુરભાઈ રાઠોડ પડાવ નાખ્યો હતો. તેથી બાળકો ત્યાં પહોંચ્યા હશે. તેમ સમજી ત્યાં પહોંચ્યા હતા જ્યાં પડાવ નજીક બાળકો ને રીક્ષા ચાલકે જોયા હોવાનું જાણવા મળ્યું હતું જે બાદ અંકલેશ્વર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રાથમિક ફરિયાદના આધારે બાળકના વર્ણન સાથે સોનગઢ પોલીસનો સંપર્ક કરતાં તમામ બાળકો સોનગઢમાંથી હેમખેમ મળી આવતાં પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો.



DATE: 28/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

### LCB અને SOGની ટીમ સાથે ચેકિંગ કરતાં 5 સીમ કાર્ડ અને ઈયર બર્ડ પણ મળ્યા

# ભરૂચ જેલમાં SPની સરપ્રાઈઝ વિઝિટ, બેરેક-કેદીઓ પાસેથી 7 મોબાઈલ મળ્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટીલ LCB અને SOG ની ટીમો સાથે આજે જેલમાં ગયા હતા. અરે આ DSP નું સરપ્રાઈઝ વિઝીટિંગ હતું. જેલમાં બેરેકો અને કેદીઓની તપાસમાં ટીમને 7 મોબાઈલ, 5 સીમકાર્ડ, ચાર્જર, ઈયર બર્ડ મળી આવ્યા હતા.

ભરૂચ SP ડો. લીના પાટીલ દ્વારા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશયલ ઓપરેશન ગ્રુપની સયુંક્ત ટીમ મારફતે બુધવારે ભરૂચ જીલ્લા જેલ ખાતે સરપ્રાઈઝ વીઝીટ હાથ ધરી હતી. જે વેળાં જેલની અલગ અલગ બેરેકોમાંથી તથા કેદીઓ પાસેથી 7 મોબાઈલ, 5 સીમ તથા ચાર્જર , ઈયરફોન વીગેરે મળી કુલ 12400નો મુદ્દામાલ મળી આવ્યો હતો. LCB ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર બી.એન.સગર, SOG પી આઈ. કે.ડી.મંડોરા મારફતે સયુંક્ત ટીમો બનાવી DSP ના માર્ગદર્શન તથા આગેવાની હેઠળ ટીમોએ બેરકો તથા કાચા કામના કેદીઓ પાસેથી જેલમાં રાખવામાં આવેલા 7 મોબાઈલ તથા ચાર્જર , ઈયરફોન મળી 12400 નો મુદ્દામાલ ઝડપાયો હતો. કાચા કામના 3 કેદીઓ તથા તપાસમાં નીકળે તે વિગેરે વિરૂધ્ધ પ્રિઝન એક્ટ મુજબની સલંગ્ન કલમો હેઠળ કાયદેસર કાર્યવાહી કરી ભરૂચ શહેર બી ડીવીઝને ગુનો દાખલ કરાયો હતો.વધુ તપાસ પોલીસ ઈન્સપેક્ટર એસ.ઓ.જી.ને સોંપવામાં આવી છે.

## સરપ્રાઈઝ વિઝિટ આગામી દિવસોમાં ચાલુ જ રહેશે

આગામી દિવસોમાં પણ ભરૂચ પોલીસ જેલમાં ગેરકાયદે પ્રવૃતિ ડામવા સરપ્રાઈઝ વીઝિટ કરી કાર્યવાહી ચાલુ રાખશે. જેલમાં બેરેક નંબર 6 ના કેદી જીયાઉર રહેમાન નિયાઝ અહેમદ અન્સારી, બેરેક નંબર 2 ના કેદી શૈલેન્દ્ર દીપકભાઈ ગોસ્વામી અને સંજય મંગળ ઉર્ફે મંગાભાઈ વસાવા પાસેથી ચેકીંગમાં મોબાઈલ મળ્યા હતા.

DATE: 28/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE–04

### જમીનમાં દારૂની બોટલ સંતાડી વેપાર કરતો હતો

# વેસદડા ગામે ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના વેસદડા ખાતે જમીન માલિક ખેતરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તાલુકા પોલીસ મથકના પીઆઈ કોઠીયા સહિતના સ્ટાફે બાતમીના આધારે રેડ કરી 3528 દારૂ બોટલોનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. લીના પાટીલ તથા મદદનીશ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા ભરૂચ વિભાગ ભરૂચ દ્વારા પોલીસ મથક વિસ્તારમાં પ્રોહી જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર વોચ રાખી અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના અને માર્ગદર્શન ના કારણે જિલ્લામાં વિવિધ પોલીસ મથક માં પોલીસ દ્વારા દેશી-વિદેશી દારૂ ઝડપી પાડવા રોજે રોજ દરોડા પાડી રહ્યા છે. દરમિયાન ભરૂચ પોલીસ દ્વારા સાગર કવચ બંદોબસ્ત પોલીસ મથક વિસ્તારમાં હાજર હતા. દરમિયાન બાતમીદારની હકીકત મળેલ કે વેસદડા ગામની સીમમાં સીરાજ અલ્લી પટેલની વાડી ની બાજુના ખેતરમાં કે જેનો માલીક ઈલ્યાસ યુસુફ ટીલ્લા (પટેલ) રહે- શેરપુરા મોટા ફળિયાના એ પોતાની માલિકીના ખેતરમાં મગ ના ભુસા ના ઢગલા માં ઈંગ્લીશ દારૂની પેટીઓ છુપાવેલ છે. જે આધારે પોલીસ ટીમે દરોડા પાડ્યા હતા. જ્યાં ખેતર માં મગ ના ભુસા માં સંતાડેલો ઈંગ્લીશ દારૂ નો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. ખેતરમાં સંતાડેલ નાની મોટી બોટલો નંગ- 3528 કિ.રૂ. 4,58,400ની મત્તાનો મુદ્દામાલ મગના ભુસાના ઢગલામાં ઢાંકીને મૂકી રાખેલ મળી આવ્યો હતો. જે જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે ખેતર માલિક માલીક ઈલ્યાસ યુસુફ ટીલ્લાને વોન્ટેડ જાહેર કર્યો હતો અને તેની ધરપકડ ના ચક્રોગતિમાન કર્યા હતા.

DATE: 29/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બનેલી ઘટના : જીઆઈડીસીની કંપનીમાં કામ કરતા પરપ્રાંતિય પરિવારમાં પિતાનું કારસ્તાન, દીકરી સારવાર હેઠળ

# બાપ પાપ

# પિતાએ 12 વર્ષની સગી દીકરીને હવસનો શિકાર બનાવી, 5 કલાકમાં જ અટકાયત




## આરોપીને હસ્તગત કરાયો

## ઠપકો આપતાં પત્નીની સામે જ દીકરી પર દુષ્કર્મનો પ્રયાસ

## રાત્રે પત્ની સૂઈ ગયા બાદ દીકરી સાથે દુષ્કર્મ આચરવાની શરૂઆત કરી

DATE: 29/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-01

150 હિન્દુ આદિવાસીઓને લોભ, લાલચ, પ્રલોભનો આપી ધર્મ પરિવર્તન કરાવ્યું હતું

# કાંકરિયા ધર્માંતરણ કેસમાં વધુ ચાર આરોપી પકડાયા, 14 દિવસના રિમાન્ડની તજવીજ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



આમોદ તાલુકાના કાંકરિયા ગામે 150 આદિવાસીઓના ધર્માંતરણમાં ભરૂચ SOG એ વધુ 4 આરોપીઓને ઝડપી પાડતા વધુ ચોંકાવનારા ઘટસ્ફોટ સામે આવ્યા છે. જેઓની વધુ તપાસ માટે કોર્ટમાં રજૂ કરી 14 દિવસના રિમાન્ડ મેળવવા ભરૂચ પોલીસે તજવીજ હાથ ધરી છે. ભરૂચ જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વોન્ટેડ 4 આરોપીઓ અબ્દુલ સમદ દાઉદ પટેલ (બેકરીવાલા), શાબિર ઉર્ફે શબ્બીર દાઉદ પટેલ, હસન ઉર્ફે ઇબ્રાહિમ પટેલ ટીસલી અને ઇસ્માઇલ યાકુબ મુસા પટેલ ડેલાવાલા તમામ રહે આમોદને ઝડપી લેવાયા છે. જેઓના 14 દિવસના રિમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરાઈ છે. અગાઉ ઝડપાયેલા 10 આરોપીઓએ મૂકેલી જામીન અરજી કોર્ટે રદ કરતા હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલે ચાર્જ સંભાળ્યાના 23 દિવસમાં જ સૌપ્રથમ પોલીસ ખાતામાં જ વહીવટી સહિતના કારણોસર પોલીસ કર્મચારીઓની મોટા પાયે બદલીઓ કરી હતી. જેમાં કેટલાક પોલીસ કર્મીઓને હેડક્વાટર્સના હવાલે પણ કરાયા હતા. જે બાદ જુગાર અને પ્રોહીબિશનની ઉપરા છાપરી રેડો કરાવી અસામાજિક પ્રવૃતિઓને ડામવા કાર્યવાહી શરૂ કરી હતી. જે બાદ સુરત-ભરૂચ વચ્ચે 4 ચેકપોસ્ટ ઉભી કરી દીધી હતી. હવે અતિ સંવેદનશીલ એવા અને સમાજ તેમજ દેશ માટે ઘાતક ધર્માંતરણ પ્રકરણમાં વોન્ટેડ 4 આરોપીઓને ઝબ્બે કરી લેવાયા છે.

DATE: 29/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-04

### નગરમાં શાંતિ બની રહે તે હેતુથી આયોજન કરાયું

# રાજપારડીમાં રમજાન ઈદના તહેવારને લઈને ફૂટ પેટ્રોલિંગ



ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

રમજાન ઈદના તહેવાર ને અનુલક્ષી ને રાજપારડી પોલીસ દ્વારા રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ફુટ પેટ્રોલીંગ યોજવામાં આવી. ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે આગામી તહેવાર ને લઈ ફુટ પેટ્રોલીંગ યોજવામાં આવી હતી. આ ફુટ પેટ્રોલીંગ રાજપારડી પોલીસ સ્ટેશન ના નવનિયુક્ત પી એસ.આઈ જી.આઈ.રાઠોડની અધ્યક્ષતામાં પોતાના સ્ટાફ સાથે આવનાર રમજાન ઈદ ના તહેવાર અને વિધાનસભા ની ચૂંટણી ને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે હેતુ થી રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેને લઈ રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાંતિ બની રહે તે માટે રાજપારડી પોલીસ સ્ટેશને થી રાજપારડી મેઈન બજારમાં રહી ચારરસ્તા ચોકડી નેત્રંગ રોડ તેમજ અન્ય વિસ્તારો માં રાજપારડી પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ યોજવામાં આવી હતી.

DATE: 29/04/2022

E-PAPER DIVYABHASKAR PAGE-04

## પેરોલ ફર્લો સ્ક્વોડે આરોપીને વલસાડથી દબોચ્યો

# અંકલેશ્વર પોલીસમાં 2 વર્ષથી વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ મથકના 2 વર્ષ થી વોન્ટેડ વલસાડ નો બુટલેગર ને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર અને વલસાડ પોલીસ મથક માં પ્રીહિબીશન ના ગુનામાં વોન્ટેડ હતો.પ્રતિન ચોકડી પાસે આવ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે પોલીસે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર શહેર પ્રતિન ચોકડી વિસ્તારમાં પેરોલ ફર્લો સ્કોર્ડ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન વલસાડ પોલીસ મથક નો વોન્ટેડ આરોપી અંકલેશ્વરમાં હોવાની ચોક્કસ માહિતી મળી હતી. જે આધારે પેરોલ ફર્લો સ્કોર્ડ એ પ્રતિન ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. જ્યાં માહિતી આધારે હાલ સુરતના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામના પારસી ફળિયામાં રહેતા વિજય હસમુખ વસાવા આવી



પહોંચતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. અને તેની ઉલટ તપાસ કરતા 2020 માં અંકલેશ્વર શહેર પોલીસ મથકે નોંધાયેલા પ્રોહિબિશનના ગુના માં તે વોન્ટેડ હોવાનું સામે આવ્યું હતું. વધુમાં તે વલસાડ પોલીસ મથક માં પણ વોન્ટેડ હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઈંગ્લીશ દારૂનો સપ્લાયર એવા વિજય વસાવા ની ધરપકડ કરી હતી. વિજય હસમુખ વસાવા વિરુદ્ધ અગાવ ભરૂચ જિલ્લામાં 2 તેમજ સુરત જિલ્લામાં 10થી વધુ ગુના નોંધાયા છે ત્યારે પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ એવા વિજય વસાવાની ધરપકડ કરી હાલ શહેર પોલીસના હવાલે કર્યો હતો.

**DATE: 30/04/2022**

**E-PAPER SANDESH PAGE-10**

# મુલદ ટોલપ્લાઝા પાસેથી શંકાસ્પદ સામાન ભરેલ ટેમ્પો ઝડપી પાડ્યો

## ટેમ્પામાં જૂની સબમસીબલ મોટર, જૂના ડીઝલ એન્જીન, સ્ટાર્ટર સહિતનો ભંગાર ભર્યો હતો

| અંકલેશ્વર |

અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના નેશનલ હાઈવે પર ટોલપ્લાઝા પાસેથી જૂની સબમસીબલ મોટર, જૂના ડીઝલ એન્જીન ,સ્ટાર્ટર ,સહીત નો ભંગાર ભરેલ ટેમ્પા સાથે ચાલક ની અટકાયત કરી ટેમ્પો મળી કુલ રૂપિયા ૭ લાખ ૧૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ,

પોલીસ સૂત્રીય માહિતી મુજબ ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તાર માં નેશનલ હાઈવે ઉપર પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન એક બંધ બોડી ના ઈન્સ્યુલેટેડ ટેમ્પો માં શંકાસ્પદ સામાન ભરી વડોદરા થી અંકલેશ્વર તરફ આવી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ટોલપ્લાઝા પાસે વોચ ગોઠવી હતી દરમ્યાન ટેમ્પો આવતા તેને રોકી ટેમ્પા ચાલક ની પૂછપરછ કરતા તે મૂળ યુપી અને હાલ ઓલપાડ ખાતે રહેતો મખ્ખનલાલ નંદલાલ યાદવ હોવાનું જણાવ્યું હતું પોલીસે ટેમ્પા શું ભરેલ છે તે અંગે પૂછતાં તેણે સંતોષ કારક જવાબ નહિ આપતા એલસીબી પોલીસે ટેમ્પા ના પાછળ નો દરવાજો ખોલી અંદર તપાસ કરતા જૂની સબમર્સીબલ મોટરો.જુના પમ્પ ,જુના ડીઝલ એન્જીન ,જૂની બોરિંગ મોટરો ,સ્ટાટરો સહીત નો ભંગાર ભરેલ હતો પોલીસે ટેમ્પા ચાલક મખ્ખનલાલ યાદવ પાસે આ સામાન ના બિલ તેમજ આધાર પુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા તેની અટકાયત કરી રૂપિયા ૨.૧૯ લાખનો સામાન અને ૫ લાખ નો ટેમ્પો મળી કુલ રૂપિયા ૭ લાખ ૧૯૦૦/ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

DATE: 01/05/2022

E-PAPER SANDESH PAGE-06

# વાગરા તાલુકાના વસ્તીખંડાલી ગામે જુગાર રમતા ૮ ઝડપાયા

વાગરા : વાગરાના વસ્તીખંડાલી ગામેથી ગતરોજ રાત્રીએ ખુલ્લામાં જુગાર રમતા આઠ જુગારીઓને વાગરા પોલીસે બાતમીને આધારે ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂપિયા ૪૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા પંથકના જુગારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. વાગરા પોલીસે બતમીદારોથી મળેલ બાતમી ને આધારે ભોપાભાઈ , વિજયભાઈ, શકિતસિંહ અને પ્રવિણ સિંહ અને જયપાલસિંહ સહિતની પોલીસ ટૂકડીએ વસ્તીખંડાલી નવી નગરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યાએ રમાઈ રહેલ જુગારવાળી જગ્યાએ રેઈડ કરી હતી. જુગટુ રમતા આઠ જુગારીયા બસીર ઈબ્રાહિમ મન્સૂરી, રહે. ગોબર ફળિયું વસ્તીખંડાલી, અબ્બાસ અલી મલેક,રહે-તળાવ ફળિયું દહેગામ તા-જંબુસર, જુબેર એયુબ ભટ્ટી રહે. ગોબર ફળિયું વસ્તીખંડાલી, શબ્બીર અબ્દુલ મલેક,રહે.૧૯ એચ.વન પી.એમ.આવાસ કોસાડ સુરત, સાદિક ઈસ્માઈ મલેક,રહે-દહેગામ જંબુસર,સલીમ મહમ્મદ મલેક, રહે. રાજીવનગર ઝૂંપડપટ્ટી સુરત તથા સલીમ ઈસ્માઈ ભટ્ટી, રહે-નવીનગરી વસ્તીખંડાલી, તેમજ હારૂન મહેબૂબ ભટ્ટી, રહે-ગોબર ફળિયું વસ્તીખંડાલી રંગે હાથ પોલીસના હાથ ઝડપાઈ ગયા હતા. જેઓ ની અંગઝડતી કરતા તથા દાવ પરના મળી કુલ ૩૩,૬૦૦ રૂપિયા અને ત્રણ નંગ મોબાઈલ ના ૬૫૦૦ રૂપિયા મળી કુલ રકમ રૂપિયા ૪૦,૧૦૦ રૂપિયા નો મુદ્દામાલ પોલીસે કબ્જે લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

DATE: 01/05/2022

E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરની ખાનગી કંપનીમાં થયેલી ચોરીમાં બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરની જી.આઈ.ડી.સી.માં આવેલી વૈષ્ણવ ડિસિન્ગ એન્જિનિયરિંગ કંપનીને ગત તા.28 એપ્રિલના રોજ તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ કંપનીની દીવાલ કૂદી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા એસ.એસ.ના રોડ અને રિંગો મળી કુલ 1.84 લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ ચોરી અંગે જી.આઈ. ડી. સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન ભરૂચ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, વૈષ્ણવ ડિસિન્ગ એન્જિનિયરિંગ કંપનીમાં થયેલી ચોરીનો સામાન રાજપીપળા રોડ ઉપર આવેલા મીરાનગરમાં છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાંથી પોલીસને એસ.એસ.નો તમામ ચોરી થયેલો સામાન મળી આવ્યો હતો. પોલીસે મૂળ યુપીના અને હાલ મીરાનગરમાં રહેતો વિકાસ ઉર્ફે ટેણી ચુનીલાલ કુશવાહા અને વિક્રમસીંગ રામાઅશરે પ્રજાપતિને રીક્ષા સાથે ઝડપી પાડી કુલ 2.34 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.